ફક્ત ગેરહાજર પરીક્ષાર્થીઓ માટે જ નીચેની લીટીવાળા ભાગથી કાપીને 'બારકોડવાળું' ફક્ત આ એક જ પૃષ્ઠ, પત્રક - A તથા પત્રક - B જોડે ભૂલ્યા વગર પરત મોકલવું.

આ પ્રશ્નપત્રમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૩ માર્ચ, ૨૦૧૩ના રોજ લેવાનારી મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## પૂર્વ કસોટી : સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૧

જાન્યુઆરી, ૨૦૧૩ | સમય : સવારે ૯ થી ૧૨ | કુલ ગુણ : ૧૦૦

**ગેરહાજર પરીક્ષાર્થીની જવાબવહીનું ફક્ત આ પૃષ્ઠ જ પરત મોકલવું.**

**☞ પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે 'બારકોડ' દર્શાવેલ છે, તેને કોઈ પણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

**ફરજિયાત : પરીક્ષાર્થીએ જાતે ભરવાની વિગત**

પરીક્ષાર્થીની જન્મ તારીખ: તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષાર્થીનો અભ્યાસ ........................................

પરીક્ષાર્થીના જ નામવાળી જવાબવહી અને ઉપરની ફરજિયાત ભરવાની તેની જ વિગતોની સત્યાર્થતા ચકાસીને વર્ગસુપરવાઇઝરે સહી કરવી.

વર્ગસુપરવાઇઝરની સહી ........................................

**☞ નીચે દર્શાવેલી સૂચનાઓ વાંચવા ખાસ વિનંતી :-**

૧. મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલા પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર પોતાના જ નામવાળી જવાબવહી ઉપર વર્ગસુપરવાઇઝરની સહી કરાવી લે.

૨. **વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

૩. જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નોના ગુણાંક દર્શાવે છે.

૪. પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપવા. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં.

૫. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના કે પુરવણી જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.

૬. **પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા ફક્ત કાળી શાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શાહીથી અથવા એકથી વધારે શાહીથી લખેલા ઉત્તરો માન્ય ગણાશે નહીં.**

૭. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય.

૮. **પરીક્ષાખંડની બહાર** કે અન્ય તમામ પરીક્ષાર્થીઓથી અલગ કે પરીક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને આપેલી પરીક્ષા માન્ય ગણાશે નહિ.

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૧ (૬) | |
| | ૨ (૫) | |
| | ૩ (૪) | |
| | ૪ (૪) | |
| | ૫ (૮) | |
| | ૬ (૮) | |
| | ૭ (૭) | |
| | ૮ (૫) | |
| વિભાગ - ૧, કુલ ગુણ (૪૭) | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૯ (૯) | |
| | ૧૦ (૮) | |
| | ૧૧ (૮) | |
| | ૧૨ (૫) | |
| | ૧૩ (૮) | |
| વિભાગ - ૨, કુલ ગુણ (૩૮) | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| વિભાગ - ૩, કુલ ગુણ | | |
| | ૧૪ (૧૫) | |

પેપર તપાસનાર(પરીક્ષક)ની સહી

........................................

**મોડરેશન વિભાગ માટે જ**

ગુણ શબ્દોમાં . . . . . . . . . .

ચેકર - નામ

## વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના - બારમી આવૃત્તિ, જાન્યુઆરી - ૨૦૧૨

**પ્ર.૧ નીચે આપેલામાંથી કોઈ પણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો. (સંદર્ભ શાસ્ત્રનું નામ અને ક્રમાંક લખવો ફરજિયાત છે.)** [૬]

૧. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ - એક અને અદ્વિતીય

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

૨. ધામમાં અને પૃથ્વી ઉપર - બન્ને ઠેકાણે સદા સાકાર

૩. પ્રગટપણું એક જ દ્વારા

૪. 'પોતે અક્ષર છે.' સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની વાતુના પ્રમાણે

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** [૫]

**ઉદાહરણ :** 'ભગવાનને જે નિરાકાર સમજે, એ તો પંચમહાપાપ કરતાં પણ અતિ મોટું પાપ છે. એ પાપનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી.'

**જવાબ :** નિરાકાર સમજવાથી ખોટ.

૧. ''જેવા મહારાજ છે ને જેવા આ સાધુ છે તેને જેમ છે તેમ ન જાણે તે નિરંતર અભાગિયા છે.''

..........................................................................................................................

૨. ''તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય અને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય.''

૩. ''મોટા સંત હોય તે જ મૂર્તિયુમાં દૈવત મૂકે છે.''

૪. ''આઠે પહોર આનંદ જેના અંગમાં, રમે ગોવિંદ એવા સંતના રે સંગમાં.''

૫. ''બ્રહ્મરૂપ થઈને જે પરબ્રહ્મની ભક્તિ ન કરે તો તે પણ આત્યંતિક કલ્યાણને ન પામ્યો કહેવાય.''

**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૪]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. અક્ષરબ્રહ્મનાં ચાર સ્વરૂપો :

(૧) ☐ સચ્ચિદાનંદ ચિદાકાશ તેજરૂપે

(૨) ☐ ધામરૂપે

(૩) ☐ ધામમાં સાકાર, મૂર્તિમાન, સદા દિવ્યવિગ્રહ સેવકરૂપે

(૪) ☐ પરમ એકાંતિક સત્પુરુષરૂપે

૨. ઉત્પત્તિ સર્ગનો સાચો ક્રમ :

(૧) ☐ પરબ્રહ્મ - અક્ષરબ્રહ્મ - પ્રધાનપુરુષ - અક્ષરપુરુષ - મહામાયા - મહતત્ત્વ - અહંકાર - વિરાટપુરુષ - બ્રહ્મા

(૨) ☐ પરબ્રહ્મ - અક્ષરબ્રહ્મ - અક્ષરપુરુષ - મહામાયા - પ્રધાનપુરુષ - મહત્તત્ત્વ - અહંકાર - વિરાટપુરુષ - બ્રહ્મા

(૩) ☐ પરબ્રહ્મ - અક્ષરબ્રહ્મ - માયા - ઈશ્વર - જીવ

(૪) ☐ પરબ્રહ્મ - અક્ષરબ્રહ્મ - ઈશ્વર - માયા - જીવ

**પ્ર.૪ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક વર્ણવી સિદ્ધાંત લખો.** **[૪]**

૧. અનાદિ મુક્તથી અધિક સામર્થી અક્ષરબ્રહ્મની છે.

૨. નિત્યાનંદ સ્વામીની સર્વોપરી નિષ્ઠા

૩. મુક્તાનંદ સ્વામીને થયેલી શાંતિ

( ) ..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

**સિદ્ધાંત :** ..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં)** **[૮]**

૧. ઉપાસનાનું મહત્ત્વ

૨. ગુણાતીત સંત એ ભગવાનનું પ્રગટ સ્વરૂપ છતાં ભગવાનના દાસ.

૩. સર્વોપરીપણાની નિષ્ઠા આવશ્યક

૪. સાકાર કેવી રીતે ?

( ) ..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં)** [૮]

૧. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તીર્થવાસી થઈને જૂનાગઢ રહ્યા.
૨. ભગવાનના આકારનું ખંડન ક્યારેય પણ ન કરવું.
૩. પરમાત્માને સર્વકર્તા સમજી તેમનો આશ્રય કરવો, એ શુદ્ધ ઉપાસકનું કર્તવ્ય છે.
૪. જેવો શ્રીજીમહારાજ છતે સત્‌યુગ વર્તતો હતો તેવો જ સત્‌યુગ ગુણાતીતાનંદ સ્વામી પાસે વર્તે છે.

( ) ..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચે આપેલાં વાક્યોની પૂર્તિ કરો.** [૭]

(ઉપાસનામાં શું સમજવું ?)

૧. આ ઈશ્વરો જીવની જેમ અસંખ્ય ..........................................................................................................

..........................................................................................................................................................

.......................................................................................................... કરીને પરસ્પર જુદા છે.

૨. પરમાત્માની ઈચ્છાથી આવો બ્રહ્મરૂપ ..... આનંદને ભોગવતો રહે છે.
૩. આ અક્ષરબ્રહ્મનાં સ્વરૂપ ..... નિયામક અને શરીરી છે.
૪. માયિક ઈન્દ્રિય-અંતઃકરણને ..... નયનગોચર થાય છે.
(ઉપાસનામાં શું ન સમજવું ?)
૫. એકલા અક્ષરબ્રહ્મ જ છે ..... ભેળા છે, તેમ ન સમજવું.
૬. સેવકરૂપે મૂર્તિમાન ..... તેજ છે, તેમ ન સમજવું.
૭. ભગવાન પૃથ્વી ..... તેમ ન સમજવું.

**પ્ર.૮ ટૂંકનોંધ લખો.** - સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર શાથી ? [૫]

.........................................................................................................................................
.........................................................................................................................................
.........................................................................................................................................
.........................................................................................................................................
.........................................................................................................................................
.........................................................................................................................................
.........................................................................................................................................
.........................................................................................................................................
.........................................................................................................................................
.........................................................................................................................................
.........................................................................................................................................
.........................................................................................................................................
.........................................................................................................................................
.........................................................................................................................................
.........................................................................................................................................
.........................................................................................................................................
.........................................................................................................................................
.........................................................................................................................................

**વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૩ - આઠમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૧**
**યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ - પાંચમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૦**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]
૧. ‘‘સ્વામીના સમાગમથી પોતે સદાચારી જીવન જીવે છે અને કુમાર્ગે જતાં અટક્યો છે.’’ **અથવા**
૨. ‘‘એ તો ઉકરડા ઉથામીને પણ પેટ ભરે.’’

( ) કોણ કહે છે ? .................................................... કોને કહે છે ? ....................................................

ક્યારે કહે છે ? .........................................................................................................................
.........................................................................................................................................
.........................................................................................................................................

૩. ‘‘તો તો અમે બહુ રાજી.’’ **અથવા** ૪. ‘‘એમને જમાડીને મોકલજો.’’
૫. ‘‘પ્રાર્થના દ્વારા આ પ્રશ્ન ઊકલશે ?’’ **અથવા** ૬. ‘‘ઠાકોરજી જમ્યા પછી આપણે શું વાંધો છે ?’’

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં)** [૮]

૧. પર્વતભાઈ જે મનોરથો ધારે તે સત્ય થતા હતા. **અથવા**

૨. તુલસીદાસે મુકુંદદાસને મંદિરનો તમામ વ્યવહાર સોંપી દીધો.

( ) ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

૩. ગોરો રિપોર્ટર અંગ્રેજીમાં સ્વામીશ્રીનો ઉત્તર લખવા મંડી પડ્યો. **અથવા**

૪. સાધુજીવન સ્વામીના હૃદયમાં સ્વામીશ્રીનાં ઉઘાડાં ચરણ કાયમ માટે અમીટ છાપ મૂકી ગયાં.

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. સારંગપુરના વાઘા ખાચરના દુઃખનું નિવારણ **અથવા**

૨. રઘુવીરજી મહારાજ અને વિરજાદેવીને શ્રીજીમહારાજનાં દિવ્ય દર્શન

( ) ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

૩. પ્રભુ હજુ દયાહીન નથી થયો **અથવા** ૪. આવાં ઘર તો તીર્થ કહેવાય.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. લાલજી સુથારનો જન્મ કોના આશીર્વાદથી થયો હતો ?

..............................................................................................................................................

..............................................................................................................................................

૨. કુશળકુંવરબાએ પરમચૈતન્યાનંદ સ્વામી સાથે શું શું મોકલ્યું ?

૩. અગતરાઈમાં જમતી વખતે કાઠીઓએ શું ઠરાવ કર્યો ?

૪. ભગવાન શાનાથી રાજી થાય ?

૫. ડેવિડને સ્વપ્નમાં સ્વામીશ્રીએ શાની સમજણ આપી ?

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગોપાળાનંદ સ્વામીએ કયા સંતોને જૂનાગઢ મોકલ્યા હતા ?

(૧) ☐ સર્વનિવાસાનંદ સ્વામી (૨) ☐ ઉપેન્દ્રાનંદ સ્વામી

(૩) ☐ વિજયાત્માનંદ સ્વામી (૪) ☐ બાલમુકુંદાનંદ સ્વામી

૨. ગુણાતીતાનંદ સ્વામીની દૃષ્ટિએ આચાર્યના ધર્મ

(૧) ☐ સત્સંગની પુષ્ટિ કરવી (૨) ☐ સત્સંગ વધારવો

(૩) ☐ દાન-ધર્માદો આપવો. (૪) ☐ શાસ્ત્રની રચના કરવી.

૩. પ્રમુખ સ્વામીના જીવનના મહત્ત્વના પ્રસંગો

(૧) ☐ જન્મ : ૭-૧૨-૧૯૨૧ (૨) ☐ ભાગવતી દીક્ષા : ૧૦-૧-૧૯૪૦

(૩) ☐ પ્રમુખ તરીકે વરણી : ઈ. સ. ૧૯૫૫ (૪) ☐ ધર્મજમાં જન્મજયંતી : ઈ. સ. ૧૯૭૩

૪. સ્વામીશ્રીના જીવનથી પ્રભાવિત થયેલા મહાનુભાવો

(૧) ☐ આર્કબિશપ ઓફ કેન્ટરબરી (૨) ☐ પોપ જહોન પોલ બીજા

(૩) ☐ પ્રિન્સ ચાર્લ્સ (૪) ☐ ટોની બ્લેર

## વિભાગ - ૩ : નિબંધ

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** **[૧૫]**

૧. યૌવન અને સત્ય (સ્વામિનારાયણ પ્રકાશ - માર્ચ - ૨૦૧૨, પા. નં. ૧૨ થી ૧૩)

૨. યુવાશક્તિના પ્રેરક : પ્રમુખસ્વામી મહારાજ (સ્વામિનારાયણ પ્રકાશ - એપ્રિલ - ૨૦૧૨, પા. નં. ૨૨ થી ૨૫)

૩. વ્યક્તિત્વ અને સર્જન : મહાકવિ બ્રહ્માનંદ સ્વામી
(સ્વામિનારાયણ પ્રકાશ - જાન્યુઆરી - ૨૦૧૨, પા. નં. ૧૮ થી ૨૩)

( ) ..............................................................................................................

☞ **પછીના પૃષ્ઠોમાં નિબંધ દર્શાવેલ છે.**

આગામી વર્ષે ૩ માર્ચ, ૨૦૧૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષાની પૂર્વતૈયારી માટે મુકાતા **પ્રી-ટેસ્ટના સંપૂર્ણ પ્રશ્નપત્રો હંમેશ મુજબ જાન્યુઆરીમાં (1st January, 2013ના રોજ) મુકાશે.** નિબંધ એ સામાન્ય જ્ઞાન સહિત મુક્ત વિષય હોય છે, જે અભ્યાસક્રમના પુસ્તકોમાંથી પૂછાતા નથી. આથી પરીક્ષાર્થીઓ નિબંધની તૈયારી સારી રીતે કરી શકે તે હેતુસર આપણે વહેલાસર ફક્ત તે યાદી આપની સમક્ષ મૂકી છે.

## પ્રી-ટેસ્ટના નિબંધોની યાદી

### પ્રવીણ : ૧ :

૧. યૌવન અને સત્ય (સ્વામિનારાયણ પ્રકાશ - માર્ચ - ૨૦૧૨, પા.નં ૧૨ થી ૧૩)

૨. યુવાશક્તિના પ્રેરક : પ્રમુખસ્વામી મહારાજ (સ્વામિનારાયણ પ્રકાશ - એપ્રિલ - ૨૦૧૨, ૨૨ થી ૨૫)

૩. વ્યક્તિત્વ અને સર્જન : મહાકવિ બ્રહ્માનંદ સ્વામી (સ્વામિનારાયણ પ્રકાશ - જાન્યુ. - ૨૦૧૨, પા.નં. ૧૮ થી ૨૩)

પરીક્ષાર્થી શ્રી,
સસ્નેહ જય શ્રી સ્વામિનારાયણ

**સત્સંગ શિક્ષણ પરીક્ષા માર્ચ ૨૦૧૩ના નિબંધોની પૂર્વ તૈયારી માટે નીચે જણાવેલ માર્ગદર્શન અને સૂચનો ધ્યાનમાં લેવા વિનંતી.**

૧. નિબંધ એટલે કોઈ નિશ્ચિત વિષય ઉપર વ્યવસ્થિત, ચિંતનપૂર્વક અને મુદ્દાસરનું લખાણ. સત્સંગ શિક્ષણ પરીક્ષામાં પૂછાતા નિબંધો સામાન્ય જ્ઞાનના આધારે, પરીક્ષાર્થીના દૈનિક જીવનમાં સત્સંગના સદ્વાંચન અને કથા શ્રવણ અને મનન દ્વારા પ્રાપ્ત થયેલ જ્ઞાનની કસોટી કરતા ૩૫ થી ૪૦ લીટીમાં લખવાના હોય છે.

૨. પરીક્ષાર્થીઓની માગણીને માન આપીને આ વર્ષે પ્રી-ટેસ્ટમાં પૂછાનાર નિંબધોના વિષયો છ માસ અગાઉથી પરીક્ષાર્થીના એકાઉન્ટમાં અપલોડ કરવામાં આવ્યા છે.

૩. પ્રી-ટેસ્ટમાં જે તે પરીક્ષામાં પૂછાનાર નિબંધોના ત્રણે ત્રણ વિષયો આપવામાં આવ્યા છે. માર્ચ ૨૦૧૩ની ફાઈનલ પરીક્ષામાં આ ત્રણ વિષયોમાંથી કોઈપણ એક નિબંધ ચોક્કસપણે પૂછાશે જ. માટે જો આપ આ ત્રણે ત્રણ વિષયો તૈયાર કરશો તો આપ ચોક્કસપણે એક નિબંધ મુખ્ય પરીક્ષામાં ખૂબ જ સારી રીતે લખી શકશો.

૪. આ નિબંધોનું સામાન્ય બંધારણ, લખાણ(મેટર) મોટાભાગે ત્રણ - ચાર વર્ષ દરમ્યાનના સમયગાળામાં પ્રકાશિત થયેલ ‘સ્વામિનારાયણ પ્રકાશ’માંથી લેવામાં આવે છે.

૫. અહીં આપેલા નિબંધોનું લખાણ કેવળ દિશા સૂચક છે. આ જ લખાણ ગોખીને પરીક્ષામાં લખવાની જરૂર નથી. આથી વિશેષ સારા મુદ્દાઓનું ચિંતન-મનન કરી આપની રીતે પૂર્વ તૈયારી કરીને લખી શકો છો.

૬. **ગુજરાતી માધ્યમ (ભાષા) સિવાયના પરીક્ષાર્થીઓ માટે :** આ નિબંધોનું મૂળ પ્રકાશન ગુજરાતી ભાષામાં જ હોવાથી તેનું શબ્દશઃ ભાષાંતર ન કરતાં, તેનો ભાવાર્થ સમજીને પરીક્ષાર્થીએ પોતાની રીતે સમજીને તૈયારી કરવાની રહેશે. પરીક્ષા કાર્યાલય અંગ્રેજી કે હિન્દી ભાષામાં આ નિબંધોનું ભાષાંતર આપી નહિ શકે. તેથી ભાષાંતર કરવા અંગેનો પત્રવ્યવહાર કે ઈ-મેલ પણ પરીક્ષા કાર્યાલયને કરશો નહિ તેવી નમ્ર વિનંતી છે.

૭. ગુજરાતી ભાષા વાંચી, લખી કે બોલી ન શકતા હોય તેવા પરીક્ષાર્થીઓએ માતા-પિતા, વડીલો કે અન્ય સ્વજનો-સ્નેહીઓ પાસે વંચાવીને નિબંધનો ભાવાર્થ સમજી પોતાની રીતે, પોતાના શબ્દોમાં લખીને તૈયારી કરવાની રહેશે.

૮. One essay from the above list of essays will be asked in the Final Examination of March-2013.

## ૧.

યુવા લેખકોની કલમે...

### યૌવન ને સત્ય, ન હોયે પરાજિત...

- જિજ્ઞેશ ડી. નારોલા
(સી.એ. - આઈ.પી.સી.સી., સુરત)

'સત્યમેવ जयते।'

'સદા સત્યનો જ વિજય થાય છે.'

ભારતીય સંસ્કૃતિનો આ પ્રાચીન મંત્ર હજારો વર્ષોથી આ ધરતી પર ગુંજે છે. આ મંત્ર એ ભારતીય સંસ્કૃતિની એક આગવી ઓળખ છે.

શ્રીમદ્ ભાગવત સત્યની ગરિમા વધારતાં કહે છે, 'પૃથ્વી અસત્યનો ભાર સહન કરી શકતી નથી.'

પરંતુ આજે કંઈક જુદું જ ચિત્ર જોવા મળે છે. અનૈતિકતાનો વાયરો ફૂંકાયો છે. સર્વત્ર જાણે 'असत्यमेव जयते।'નો ઘાટ ઘડાયેલો દેખાય છે. *'સત્ય ફાંસી પર ચઢે અને જૂઠનો ધ્વજ ફરફરે'*ની પરિસ્થિતિ બધે જણાય છે. માણસ ડગલે ને પગલે જાણે અસત્યની જ ઉપાસના કરે છે. રોજબરોજના જિવાતા જીવનમાં તો ખરું જ, પરંતુ કોર્ટમાં શાસ્ત્ર પર હાથ મૂકીને સત્યના સોગંદ લીધા પછી પણ માણસ ખોટી જુબાનીઓ આપતાં ખચકાતો નથી. સત્ય-અસત્યનો નિર્ણય કરનાર ન્યાયાલયોમાં પણ સત્યનું મોં 'हिरण्यमयेन पात्रेण।' સુવર્ણ એટલે કે લાલચના પાત્રથી છંદાઈ જાય છે.

લાલચ કે સ્વાર્થને તાબે થયા સિવાય, ભયથી ભયભીત થયા વિના, નિર્ભીકપણે સત્યનો જયજયકાર કરવાની તાકાત યુવાન બતાવી શકે છે.

સ્મૃતિકાર ઋષિઓ કહે છે કે, 'સત્ય એ તપ છે.'

ઉપવાસ કરવા કરતાં સત્યનું પાલન કરવું એ અઘરું તપ છે.

કારણ કે સત્ય એ મુશ્કેલીઓ, સમસ્યાઓ, વિઘ્નોથી ભરપૂર માર્ગ છે, પરંતુ આ કડવા માર્ગનાં પરિણામો ખૂબ મીઠાં નીવડે છે, સુખદ રહે છે. ભલે સત્યની યાત્રા કષ્ટ ભરેલી લાગે, પરંતુ તે યાત્રાને અંતે વિજય સત્યનિષ્ઠને જ પ્રાપ્ત થાય છે. પ્રચલિત કહેવત છે, 'No Pain, No Gain.' કષ્ટ વગર કોઈ જ પ્રાપ્તિ થતી નથી. આટલી સ્પષ્ટતા સાથે યુવાન સત્યને અનુસરશે તો તે અવશ્ય સિદ્ધિના એવરેસ્ટ પર જઈ પહોંચશે.

યાદ આવે છે યુવાન સત્યનિષ્ઠ રાજવી હરિશ્ચંદ્ર ?

રાજા હરિશ્ચંદ્રની સત્યનિષ્ઠા એવી હતી કે મેરુ પર્વત ડગે, મહાસાગરો તેનું સ્થાન છોડે, પણ રાજા હરિશ્ચંદ્ર તેનું સત્ય ન છોડે. સત્યને ખાતર તેમને શ્વપચને ઘેર વેચાવું પડ્યું છતાં તેઓ અસત્યના પલ્લે બેઠા નહીં.

સત્ય માટે પિતા સાથે સંઘર્ષમાં ઊતરનાર તરુણ વયના નચિકેતાનું પાત્ર યાદ આવે છે ?

કહે છે કે 'Truth is the secret of eloquence and virtues.' સત્યનિષ્ઠ યુવાન સદ્‌ગુણો અને આત્મવિશ્વાસથી ભરપૂર હોય છે. ખોટું થતું દેખીને આત્મવિશ્વાસથી પડકાર કરનારા નચિકેતા અને અષ્ટાવક્રને જરા યાદ કરીએ ! સમ્રાટ જનકને ભરી સભામાં સત્યનું ભાન કરાવનાર અષ્ટાવક્ર પણ યુવાન હતા. અને વસૂકી ગયેલી ગાયોનું દાન કરતા પિતા ઉદ્દાલકના ક્રોધ સામે અડીખમ રહી ટક્કર ઝીલનાર યુવાન નચિકેતા પણ હજારો વર્ષોથી સત્યની એક મિસાલ બની રહ્યો છે.

અને... યાદ આવે છે ઘનશ્યામની. અયોધ્યામાં મહંત મોહનદાસે કથામાં સત્ય દબાવીને વિચિત્ર અસત્ય વાત કરી : 'એકાદશી કરવાની કોઈ જરૂર નથી ! આ શરીર ભગવાને ખાઈ-પીને લહેર કરવા માટે જ આપ્યું છે !' અને સાત વર્ષના ઘનશ્યામે નિર્ભીકપણે તેમને પડકારીને દલીલો દ્વારા સત્ય શું છે તેનું તેમને ભાન કરાવ્યું હતું.

અને સત્ય માટે ઝેરના લાડવા ખાવા માટે તૈયાર થનાર બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજને કેમ ભુલાય ?

ગુરુ ભગતજી મહારાજ પાસેથી અક્ષર-પુરુષોત્તમનું સત્ય જ્ઞાન સિદ્ધ કરીને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અક્ષરબ્રહ્મના એ દિવ્ય સ્વરૂપનો ઉદ્‌ઘોષ કર્યો ત્યારે વિરોધનો વંટોળ ઊઠ્યો. અક્ષરબ્રહ્મના મહિમાનાં ઇતિહાસ-પૃષ્ઠો સૌ સમક્ષ ખોલીને, પ્રામાણિકતા અને સત્યનિષ્ઠા સાથે કષ્ટોની કાંટાળી કેડી પર ચાલ્યા હતા - બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ. ભગવાન સ્વામિનારાયણના સત્ય સિદ્ધાંત પ્રત્યે સત્યનિષ્ઠ રહેવા બદલ તેમણે ઘણું-ઘણું સહન કર્યું છે. તેમનાં અસહ્ય ઉપેક્ષા-અપમાન થયાં, તેમને સોયા ઘોંચવામાં આવ્યા, ઢોર-માર મારવામાં આવ્યો, ખોરાકમાં ઝેર ભેળવવામાં આવ્યું, આવું ઘણું બધું તેમને સત્યનિષ્ઠા બદલ પુરસ્કાર રૂપે મળ્યું. પરંતુ એ કશું શાસ્ત્રીજી મહારાજને સ્પર્શી શક્યું નહીં, કારણ કે એમને એ સત્યની બરાબર દૃઢતા હતી કે આ અક્ષર-પુરુષોત્તમના સિદ્ધાંત દ્વારા જ અસંખ્ય જીવોનું કલ્યાણ થવાનું છે. એમની એ સત્યનિષ્ઠાને કારણે જ આજે અક્ષરપુરુષોત્તમ સંસ્થાનો વિશ્વવ્યાપી બગીચો ખીલ્યો છે, જ્યાં અસંખ્ય લોકો દિવ્ય આનંદ માણે છે.

સત્યનો મહિમા જેઓ સમજે છે તેને સત્ય પાળવું કઠણ જણાતું જ નથી. 'In fact, truth never hurts the teller.' અર્થાત્ સત્ય ક્યારેય સત્યવક્તાને દુઃખ નથી પહોંચાડતું. ગાંધીજી લખે છે, 'સત્યનો આ માર્ગ જોકે ખાંડાની ધારે ચાલવા જેવો છે છતાં મને સહેલામાં સહેલો લાગ્યો છે.'

સત્ય સોના જેવું છે. વિશ્વના કોઈ પણ દેશમાં સોનું તે સોનું જ રહે છે. તે હંમેશાં મૂલ્યવાન જ રહે છે. સુવર્ણની જેમ સત્ય આખરે પ્રતિષ્ઠિત થઈને

જ રહે છે.

બીજા વિશ્વયુદ્ધ વખતે હિટલરના સૈન્યે કેટલાક યુદ્ધ કેદીઓને પકડ્યા. આમાં કેટલાક યહૂદી, કેટલાક રશિયન તો કેટલાક બ્રિટિશ હતા. હિટલરને યહૂદીઓ સાથે મૂળભૂત શત્રુતા હતી. આ કેદીઓને હિટલરના સૈન્યના મેજરે તેમની રાષ્ટ્રીયતા વિશે પૂછ્યું. કેટલાક યહૂદીઓએ પણ મોતની બીકે પોતાને રશિયન, બ્રિટિશ ગણાવ્યા, પરંતુ પાંચ યુવાન સૈનિકોએ નિર્ભયતાથી સત્યનો જ પક્ષ રાખ્યો અને ગર્વથી કહ્યું, 'અમે યહૂદીઓ છીએ.' મેજરે પૂછ્યું, 'તમને મોતનો ડર નથી ?' ત્યારે સૈનિકોએ કહ્યું, 'મોતના ડરથી અસત્ય બોલવું એવું અમારા ધર્મમાં નથી શિખવાડ્યું !' આ પાંચની સત્યનિષ્ઠાએ ક્રૂર નાઝી મેજરના હૃદયમાં કંઈક જુદાં આંદોલનો પ્રગટાવ્યાં. એ સત્યનિષ્ઠ પાંચ સૈનિકોને જુદા તારવવામાં આવ્યા. બીજા સૌને જ્યાં કેદીઓને રિબાવીને મારવામાં આવતા ત્યાં કોન્સન્ટ્રેશન કેમ્પમાં મોકલી આપ્યા. પેલા પાંચ સૈનિકોને તેમના દેશમાં પરત મોકલવામાં આવ્યા. તેના બદલામાં પાંચ નાઝી સૈનિકોને મુક્ત કરાયા. આમ, સત્યનો પક્ષ રાખવાથી આ સૈનિકોનો જીવ બચ્યો. જ્યારે અસત્ય બોલનાર સૈનિકો મોતને ભેટ્યા.

પ્રમુખસ્વામી મહારાજે સુરતની એક યુવા સભામાં કહ્યું હતું, 'આપણે નાના છીએ તેમ ન માનવું. ભલે નાના હોઈએ પણ સાચા છીએ. તમે જો સાચા હશો તો ગમે તેવો મોટો માણસ તમારી સામે હશે તોય તમારી વાતની તેના પર અસર થશે જ.' સત્યનિષ્ઠાનું આ ઘડતર છે, આત્મ વિશ્વાસનું આ ચણતર છે.

વડોદરામાં તા. ૧૬-૮-૨૦૦૬ના રોજ દર્શને આવેલા બિહારના તત્કાલીન આઇ.જી.પી. (હાલ સુરત પોલીસ કમિશનર તરીકે સેવા આપતા) શ્રી રાકેશ અસ્થાનાને સ્વામીશ્રીએ કહ્યું હતું, 'જે સાચું બોલે છે એના પર ભગવાન રાજી જ છે. આપણે ક્યાં કોઈનું અહિત થાય એ માટે કહેવું છે ? અંતરમાં કોઈ માટે રાગ કે દ્વેષ નથી, પણ સાચું હોય ત્યાં કહેવું પડે, એમાં તકલીફ ભલે આવે, પણ એમાં ભગવાન રાજી છે. સહન કરવું પડે પણ અંતે સત્યનો જ વિજય થાય છે.'

સત્યમેવ જયતે. હજારો વર્ષ પહેલાંનો આ ઉપનિષદ્-મંત્ર યુવાનો સિદ્ધ કરશે તો ભારતના રાષ્ટ્રીય ચિહ્ન પર કે ભારતીય ચલણી નાણાંની નોટ પર રહેવાને બદલે ભારતના કણકણમાં અને હવાની પ્રત્યેક લહેરમાં એ મંત્ર ગુંજી ઊઠશે.

ચાલો યુવાનો, સત્યનો શંખનાદ કરવા આપણા રોમરોમમાં સત્યનો શ્વાસ ભરી લઈએ અને અક્ષર-પુરુષોત્તમના ગાને ગગન ભરી દઈએ... ◆

૨.



## યુવાશક્તિના પ્રેરક : પ્રમુખસ્વામી મહારાજ...

- વિવેક ટાંક (બી.ઈ., આઈ.ટી., રાજકોટ)
- પ્રકાશ પરમાર (બી.એચ.એમ.એસ., રાજકોટ)

મજાનું એક દૃશ્ય નજર સામે રમે છે. ફૂટડા અને તરવરિયા નવયુવાનો ૯૧ વર્ષની ઉંમરની એક વ્યક્તિના તાલે ઝૂમે છે, તેના બોલે ડોલે છે, તેના વચને કુરબાન થવા થનગને છે, તેના નયનકટાક્ષને ઝીલવા અધીરા થયા છે,

એકાદ બે યુવાનો નહીં, હજારો.

અરે ! કોણ છે એ ૯૧ વર્ષીય વ્યક્તિ ?

એ છે, સીધું-સાદું પરંતુ દિવ્ય વ્યક્તિત્વ.

નામ છે - પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ...

હા, આ એક ચમત્કાર છે, આ જાદુ છે - એમના અગાધ વ્યક્તિત્વમાં. નિઃસ્વાર્થ પ્રેમના અતળ ઊંડાણમાંથી આવતો એ સ્રોત એમની નિર્મળ આંખો દ્વારા વરસવા માંડે છે, ત્યારે માણસની ઝીલવાની પાત્રતા વામણી લાગે છે. એ સ્પર્શે છે અને રૂંવે રૂંવે વસંત મહોરી ઊઠે છે અને એમાંય યુવાન તો એમના દિવ્ય સંકલ્પોને વાવવાનો પ્રદેશ છે. યુવાશક્તિ તો એમની અપેક્ષાઓનો અંબાર છે. અનેક મહાન કાર્યોનાં બીજ સ્વામીશ્રીએ યુવાનોના સ્નેહભર્યા સંપર્કોમાં વાવ્યાં છે.

અને એ માટે સ્વામીશ્રીએ યુવાનોને પોતાનું સર્વસ્વ આપ્યું છે. સ્વામીશ્રી અને યુવાનોની એ અતૂટ સ્નેહકથા કેટકેટલાં પાસાંઓમાં વિસ્તરી છે ! અહીં થોડાંકની એક ઝલક...

### ■ પારિવારિક આદર્શના માર્ગદર્શક :

જીવન એક ગણિત છે. સફળ જીવન જીવી જવાનો કોઈ ટૂંકો રસ્તો નથી. જવાબદારીની ભીંસ અને વ્યવહારના અટપટા સંઘર્ષોના ભારણમાં યુવાશક્તિ સફળતાનો ટૂંકો માર્ગ શોધવા વલખે છે અને અંતે નિરાશા મળે છે અને વ્યસનના માર્ગે મોકળાશ શોધવામાં જીવન પાયમાલીને કિનારે પહોંચી જાય. આવા ત્રસ્ત યુવાનો સ્વપ્નોની દુનિયા ઘડે. વ્યવહારુ માર્ગને છોડે, ત્યારે સ્વામીશ્રી તેમને વાસ્તવિકતાની ભૂમિ પર ઉતારે છે.

પોતાના પરિવારજનો માટે હૃદયમાં ભારોભાર નફરત રાખનાર યુવાને જ્યારે નક્કી કર્યું કે 'હવે હું એ લોકોને (મા-બાપને) બતાવી આપીશ. દારૂ પીશ. ગમે તે કરીશ. અવળા માર્ગે ચાલીને એવો આડો ફાટીશ કે બંનેની આંખો ઊઘડશે.'

સ્વામીશ્રી કહે, 'ભાઈ, એવું થાતું હશે ? આ મૂર્ખાઈ છે !'

'તો શું હું મૂંગે મોઢે અત્યાચાર સહન કરી લઉં ?' યુવકે કહ્યું.

સ્વામીશ્રી કહે, 'તું સમજ, માબાપને શિક્ષા આપવાનો તારો અધિકાર શું ? મા-બાપની આંખ ઉઘાડે તે માટે તું દારૂ પીએ એમાં ખોટ કોને ? ભોગવવાનું તો તારે જ છે ને ! માબાપનું જોનાર ભગવાન છે. તે સુધારશે. આપણે તે માટે ખોટા રસ્તે ચડાતું હશે ?'

અને અંતે સ્વામીશ્રીની પ્રેમભરી કરુણાએ એના ધગધગતા અંતરાત્માને ઠાર્યો.

સ્વામીશ્રી આજના શિક્ષણ-જગત અને સંસ્કાર-જગતમાં ફેલાયેલી અંધાધૂંધીમાં એકમાત્ર આશાનો સૂર્ય છે. તેઓ વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત રાહે શિક્ષણ અને સંસ્કારના દીવડાઓ પ્રગટાવતા રહ્યા છે.

એક યુવક આઈ.એ.એસ.ની પરીક્ષા આપી રહ્યો હતો. સ્વામીશ્રીએ પ્રેમથી પૂછ્યું, 'શું ચાલે છે, ભણવામાં ?' તે બોલી ન શક્યો, આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. સ્વામીશ્રીએ તેના પારિવારિક - આર્થિક સંજોગોની બધી જ વિગત ધીમે ધીમે મેળવી લીધી અને તેને આર્થિક સંકડામણમાંથી મુક્ત કરી તેનો શિક્ષણ માર્ગ નિર્વિઘ્ન કરી આપ્યો.

આવા હજારો યુવાનો તેમના આંસુ લૂછનાર સ્વામીશ્રીની એ કરુણાને આજે અહર્નિશ સ્મરે છે અને નતમસ્તક બને છે.

### ■ નૈતિકતાના પ્રેરણાસ્રોત :

આપણે કદાચ અમીબા જેવી આકાર વિનાની જિંદગીના શ્વાસમાં જ ઊછરી રહ્યા છીએ. જ્યાં માનવ ભૂંસાઈ ગયો છે. પ્રતિષ્ઠા અને સ્ટેટસનું ધુમ્મસ બંધાઈ રહ્યું છે. જ્યાં લાગણીથી સર્જાતા આનંદો મરી ગયા છે અને અશ્લીલતા ઊભરાઈ રહી છે. લાગે છે નૈતિકતાને હવે જીર્ણોદ્ધારની જરૂર છે. માત્ર યુવાનોમાં જ નહીં, સમસ્ત સમાજમાં સંસ્કારનો દુષ્કાળ છે. સ્વામીશ્રીએ યુવાનો દ્વારા સમાજને દ્વિજત્વ આપવાનું અને તેમની નૈતિકતાને ઉદ્ધારવાનું સફળ અભિયાન શરૂ કર્યું - ખૂબ જ ધીરજતાથી.

'ઘડતર' હૈયેથી અવતરવાની ભાગીરથી છે. યુવાનોના હૈયે એ અવતારવા સ્વામીશ્રી ભગીરથ બની રહ્યા છે. હજારો યુવાનોને તેમણે નૈતિક સંસ્કારોથી અલંકૃત કર્યા છે અને જ્યાં જ્યાં એમની નજરે સંસ્કારની હોળી ચઢી છે ત્યાં ત્યાં એમણે જાગૃતિની આલબેલ પોકારી છે.

વલ્લભવિદ્યાનગરની એક કૉલેજના વિદ્યાર્થી નેતાઓને સ્વામીશ્રીએ મળવા બોલાવ્યા હતા. એક વિશેષ કાર્યક્રમમાં આજના પ્રવાહ પ્રમાણે તેમણે સાંસ્કૃતિક કાર્યક્રમ કર્યો હતો તે સભ્યતાને છાજે તેવો ન હતો. તેથી સ્વામીશ્રીએ તેમને સમજાવતાં કહ્યું : 'કાર્યક્રમોમાં આપણા કલ્ચર પ્રમાણે થાય તે ધ્યાન રાખવું. વેશભૂષામાં વધારે પડતા ઉઘાડા થઈએ તે ન કરવું. આપણે આપણી સંસ્કૃતિ નહીં સાચવીએ તો બીજા કોણ સાચવશે ? મર્યાદા અને શિસ્ત

સચવાય એ અમારી ઇચ્છા છે. જેથી કૉલેજ આગળ આવે. અત્યારે તો અભ્યાસમાં જ ધ્યાન આપવું, બીજો વિચાર જ નહીં, રાજકારણની પણ જરૂર નહીં, દેશની ઉન્નતિ કરવી છે એ ભાવનાથી અભ્યાસ કરવો...'

સ્વામીશ્રીએ હિતોપદેશ આપ્યો. એમની આંખોમાં ભાવિ પેઢીની ચિંતા દેખાતી હતી. સ્વામીશ્રીની વાણી અને આંખોમાં વહેતી સચ્ચાઈએ એ યુવાનોની આંખોને ખોલી નાંખી.

## ■ સામાજિકતાની સમજણ :

આજનો યુવાન ક્યારેક સમાજની સેવા કરવાનું તો એક તરફ રહ્યું, પરંતુ તેથી વિપરીત હડતાલો અને આંદોલનોના નામે કૉલેજની પ્રોપર્ટીને નુકસાન કરે છે, બસના કાચ ફોડે છે, દંગા ફેલાવે છે અને પોતાની શક્તિને વેડફી રહ્યો છે.

આ એક દૃશ્ય છે. તેની સામે બીજું પણ એક દૃશ્ય છે. એવા જ યુવાનો આજે સમાજ માટે પોતાનો અમૂલ્ય સમય ફાળવી રહ્યા છે. ભૂજના ભૂકંપ વખતે કાટમાળમાં દબાયેલા લોકોને બચાવવાનું કાર્ય હોય, મોરબીની મચ્છુ ડેમની દુર્ઘટના હોય કે સુરતમાં ફાટી નીકળેલા રોગચાળાની આપત્તિ વેળાએ જાનના જોખમે જનસેવા કરવાની હોય. સ્વામીશ્રીએ સિંચેલા આદર્શોને કારણે હજારો યુવાનો આવી રચનાત્મક લોકસેવામાં અમૂલ્ય યોગદાન આપે છે.

સ્વામીશ્રીએ 'વસુંધરાને કુટુંબ' માનવા યુવાનોને પ્રેર્યા છે. પવિત્ર ભાવના સિંચીને શુષ્ક હૃદયોને કુમાશ આપી અને એ હૈયાંઓમાં એમણે સેવા અને સહકારનાં બીજ વાવ્યાં છે. પોતાના કર્મઠ અને સેવામય જીવન દ્વારા યુવાનોમાં સ્વયં-સેવાના, સત્સંગ-સેવાના, સમાજ-સેવાના અને જન-સેવાના પ્રાણ ફૂંક્યા છે. 'ઘસાઈને ઊજળા થવા'ની કળા રેડી છે.

સ્વામીશ્રીએ યુવાવર્ગમાં સત્સંગસેવાનો આદર્શ પણ પ્રસ્થાપિત કર્યો છે. આ યુવકો મંદિરની સફાઈ કરે છે, મંદિરનું નાનામાં નાનું કામ પણ તે ગરિમાથી કરે છે.

## ■ આધ્યાત્મિકતાનો આદર્શ આપનાર :

આધ્યાત્મિકતા અને યુવાની ! આ યુગમાં બંને સામા છેડાના ધ્રુવ છે, પરંતુ સ્વામીશ્રીએ આધ્યાત્મિકતાનો સેતુ આ યુવાનોનાં હૈયાં સુધી સર્જી આપ્યો છે. ભક્તિ યુવાનની માનસિક તાકાતને પ્રદીપ્ત કરતી ચિનગારી છે અને એ નિયમિતરૂપે પ્રકાશતી રહે તો યુવાન વ્યવહાર-જીવન અને શૈક્ષણિક કારકિર્દીમાં ખૂબ સારી રીતે ઝળહળી શકે તે નિઃશંક વાત છે.

સંપ્રદાયની શિસ્ત અને સાંસ્કૃતિક પરંપરા તેમજ ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે તમામ યુવાનો-ભક્તો કપાળે તિલક અને ચાંદલો કરે તે સ્વામીશ્રીની હાર્દિક રુચિ છે. એ આધ્યાત્મિકતા કે ભક્તિનું એક મહિમાપૂર્ણ સોપાન છે. અવાર-નવાર યુવકોને આ અંગે સ્વામીશ્રી પ્રેરણા આપે છે.

બોચાસણમાં એક યુવકને કોરા કપાળે જોઈ સ્વામીશ્રીએ જાતે તેને ચાંદલો કરી આપ્યો. કારણ પૂછ્યું તો તે કહે, 'મારા પપ્પા કહે છે કે તિલક-ચાંદલો કરીને તું મારી ઑફિસમાં આવે છે તે ઓડ લાગે છે.' સ્વામીશ્રી એને તર્કબદ્ધ દલીલોથી સમજાવવા લાગ્યા, 'એમાં શું ઓડ લાગે છે ? તારા પપ્પા આર્કિટેક્ટ છે ને ! તેમને કહેવું કે તમારી બધી ડિઝાઈનો ઓડ લાગે છે, તે બંધ કરી દો. તો માની લેશે ? લોકોને તો તું ભણે તે પણ ઓડ લાગે છે, તો શું મૂકી દેવું ? દુનિયાને તો તમે ખાઓ છો તે પણ નથી ગમતું, તો શું ભૂખે મરવું ? કપડાં પહેરો છો તે પણ નથી ગમતું, તો શું એમ ને એમ ફરવું ? એટલે એ ચિંતા કર્યા વિના આપણે દૃઢતા રાખવી. ભગવાન અને સંતને ગમે છે કે નહીં તે જોવું. એ જ કરવાનું છે, બીજાની પંચાત નહીં. દુનિયાની સામે જોવા જાવ તો ભક્તિ કે સત્સંગ અને દુનિયાનું સારું કામ પણ ન થાય.'

સ્વામીશ્રીએ યૌવન સહજ તર્ક અને સંશયોની બાદબાકી કરી યુવાનના અંતરમાં પૂર્ણતા માટેનો અંક ઘૂંટી આપ્યો છે. યુવાનોમાં સ્વામીશ્રીએ આશા રોપી અને તે વટવૃક્ષ બની... યુવાનોમાં સ્વામીશ્રીએ ચિનગારી ચાંપી અને શક્તિના પ્રચંડ વિસ્ફોટ થયા...

એટલે જ કહેવાયું છે કે,

*'જખ્મો નથી મટ્યા, ભલે હું પણ નથી મટ્યો,*
*સઘળું થયું છે, આપની જો નજર નથી મટી !'*

ભૌતિકતાએ ફેલાવેલી જાળમાં યાહોમ કરી ચૂકેલા અસંખ્ય યુવાનોના ચિત્કારો સ્વામીશ્રીએ સંવેદનાથી સાંભળ્યા છે અને એમને ઉગારવા પોતાનો હાથ લંબાવ્યો છે.

જીવનને શાપ આપનારા કે જીવનની વિકટ પરિસ્થિતિને સહી લેનારા, જીવનને સાક્ષીભાવે જોનારા કે જીવનથી વિમુખ થઈને ભાગી છૂટનારા અસંખ્ય યુવાનોને એમણે ચાહ્યા છે. એક જનનીની જેમ ! એક પિતાની જેમ ! એક મિત્રની જેમ !

આ જ કારણે યુવાની એમના માટે, એમના વચને એમના કાર્યમાં પ્રાણ પાથરવા તૈયાર થઈ ગાય છે...

*'હતું જીવન કર્યું અર્પણ, તમારા એક ઈશારા પર...'*

•

હજારો વર્ષ પૂર્વે પ્રાચીન ભારતીય આચાર્યોએ ઉચ્ચાર્યું હતું :

'एतद्देश-प्रसूतस्य सकाशाद् अग्रजन्मनः ।
स्वं स्वं चरित्रं शिक्षेरन् पृथिव्यां सर्वे मानवाः ॥'

'ભારત દેશના લોકો પાસેથી વિશ્વના લોકો પોતાના જીવન-ઘડતરના પાઠો શીખશે.'

આપણા ઋષિમુનિઓએ આપણા પર કેવી આશા સાથેની ઉચ્ચ જવાબદારી સોંપી છે...

હજારો વર્ષ પહેલાંનો વીસરાઈ ગયેલો એ મંત્ર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પુનઃ શંખનાદ કરી રહ્યા છે.

સ્વામીશ્રીએ સદાચારી યુવાનોનો એક એવો સમાજ તૈયાર કર્યો છે કે જે વિશ્વના અનેક લોકો માટે દીવાદાંડી સમાન સાબિત થાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સુરાખાચરને જેમ 'જતિ' તરીકે બિરદાવ્યા હતા, તેવી રીતે આજે સ્વામીશ્રીએ હજારો 'જતિ'ની ભેટ સમાજને આપી છે.

સ્વામીશ્રીએ યુવાનોની વૃત્તિ પર સંયમનો બંધ બાંધી તેમની આંતરિક શક્તિને ખીલવી છે.

*'યૌવનની આંખોમાં આંખો પરોવી, પરોવી પાવનતા અપાર,*
*વીંઝાતો વાયરો વેણુમાં વાયો, ને રેલાયો રાગ મલ્હાર...'*

દાહોદના એક હરિભક્ત પૂનમભાઈનો પુત્ર હિમાંશુ ધો. ૧૦ની પરીક્ષા આપી રહ્યો હતો. સુપરવાઇઝર જોગાનુજોગ પરિચિત હતા. સુપરવાઇઝરે કહ્યું : 'તને ન આવડતું હોય તો બાજુમાંથી જોઈ લે.' આ યુવાને કહ્યું : 'જેટલું આવડશે તેટલું જ લખીશ, પરંતુ મારા ગુરુ કુરાજી થાય તેવું તો નહીં જ કરું.'

ખરેખર સ્વામીશ્રીએ આજે આવા યુવાનો દ્વારા કળિયુગની અંદર સત્યુગના બીજનું રોપણ કર્યું છે. અપ્રામાણિકતાના સુનામીની વચ્ચે પણ પર્વતપ્રાય ઊભા રહી શકે તેવાં પ્રામાણિક શિખરોનું નિર્માણ કર્યું છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું હતું, 'તમે મને સો નચિકેતા આપો, હું ભારત દેશની રોનક બદલી નાખીશ...'

આજે આપણને વાત કરતાં આનંદ થાય છે કે સ્વામીબાપાએ સો નહિ, પરંતુ હજારો નચિકેતાની ભેટ આપી છે, જે વિશ્વના અસંખ્ય લોકોને જીવન-ઘડતરના પાઠો શીખવી રહ્યા છે.

આજના ભૌતિક ઝાકમઝાળ અને લૌકિક વિષયોથી ઊભરાતા વાતાવરણ વચ્ચે સ્વામીશ્રીએ તૈયાર કરેલા યુવાનો અંગદના અડીખમ પગની જેમ ઊભા છે.

એ લાખો રૂપિયાની લાંચને ઠોકરે મારનાર શૈલેશભાઈ સગપરિયા હોય કે પછી રસ્તામાં મળેલી સોનાની લક્કી પાછી આપનાર રાજકોટનો સામાન્ય યુવાન કિરીટ અજાણી હોય.

પોતાના નિયમોને સારધાર પાળનાર કલ્પેશભાઈ ભટ્ટ હોય કે પછી સંગીતના અનેક કાર્યક્રમ આપનાર જયદીપ સ્વાદિયા હોય, પરંતુ આ યુવાનોએ ક્યારેય પણ પોતાના ધર્મની મર્યાદામાં બાંધછોડ કરી નથી.

સ્વામીશ્રી દ્વારા તૈયાર થયેલા સુશિક્ષિત, ચારિત્ર્યવાન, ધર્મનિષ્ઠ અનેક યુવકોના હૃદયમાંથી આજે એક જ અવાજ આવે છે.

*'ગમે તેવા હોય પાશ્ચાત્ય સંસ્કૃતિના વાયરા,*
*એ વાયરાને પણ ફેરવીશું ભક્તિના તાલમાં,*
*સર કરીશું અક્ષરધામ કેરું નિશાન,*
*હવે તો માયાને પણ આવવા દો લાગમાં.'*

યુવાનોની અંદર નવો જોમ-જુસ્સો મૂકી તેમાં નવશક્તિનું સિંચન કરનાર યુવાશક્તિના પ્રેરક પ્રમુખસ્વામી મહારાજ વિશે અંતમાં એટલું જ કહીશ.

*'નિયમ ધર્મ કેરા પાઠો શીખવે,*
*સદ્વર્તન કેરી રીત શીખવે.*
*આ છે યુવા શક્તિના પ્રેરક પ્રમુખસ્વામી મહારાજ... ૧.*
*આજ્ઞા ઉપાસના દૃઢ કરાવે,*
*સત્સંગમય જીવન બનાવે,*
*આ છે યુવાશક્તિના પ્રેરક પ્રમુખસ્વામી મહારાજ... ૨.*
*અક્ષરરૂપ કરી પુરુષોત્તમ ભજાવે,*
*અક્ષરધામ કેરું વિઝન બતાવે,*
*આ છે યુવાશક્તિના પ્રેરક પ્રમુખસ્વામી મહારાજ... ૩.*◆

## ૩.

### ભગવાન સ્વામિનારાયણના ૫૦૦ મહાન સંતો પૈકી, વસંત પંચમીના પવિત્ર પર્વે પ્રગટ થયેલ મહાકવિ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને એક ભાવાંજલિ...

# વ્યક્તિત્વ અને સર્જન મહાકવિ, બ્રહ્માનંદનું...

- ડૉ. બળવંતભાઈ જાની

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને અનેક દિવ્ય ઐશ્વર્યોનું દર્શન કરાવ્યું. એમનું એવું એક વિરલ ઐશ્વર્ય એટલે એમનાં ચરણમાં સમર્પિત થયેલા ૫૦૦ મહાન પરમહંસો. અનેકવિધ કલા-કૌશલ્યમાં નિપુણ, કાવ્ય-સાહિત્યના પ્રખર સર્જકો, પ્રખર વિદ્વાનો, રાજવીવંશીય વગેરે મહાન પ્રતિભાવંત વ્યક્તિત્વો ભગવાન સ્વામિનારાયણના સંત-મંડળમાં પરમહંસ બનીને તેમની આરાધના કરી રહ્યા હતા. તે ૫૦૦ પરમહંસોમાં મહાકવિ બ્રહ્માનંદ સ્વામીનું સ્થાન એક તેજસ્વી શુક્રતારક સમું છે. પોતાના કાવ્ય વારસા દ્વારા ૨૦૦ વર્ષ પછી આજેય એવા ને એવા જ જીવંત રહેલા સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને તેઓના પ્રાગટ્યદિન વસંતપંચમીએ, ગુજરાતના વિખ્યાત વિવેચક ડૉ. બળવંતભાઈ જાનીની કલમે એક સ્મરણાંજલિ...

બ્રહ્માનંદ સ્વામી મારા પ્રિય મધ્યકાલીન કવિઓમાંના એક છે. દાદાશ્રી સાથે પાંચ વરસનો હતો ત્યારથી આઠ-દશ વરસનો થયો ત્યાં સુધી નિયમિત અમારે ગામ કમળાપુરમાંના સ્વામિનારાયણ મંદિરમાં દરરોજ રાત્રિ આરતીમાં સામેલ થતો અને બ્રહ્માનંદનાં પદો નાગદાન ભગતના કંઠે ખૂબ-ખૂબ સાંભળેલાં. તે લય અને વચનામૃતનું કથન પણ તીવ્ર રીતે સ્મરણમાં અકબંધ છે. ભારે કામણગારા લાગ્યા છે બ્રહ્માનંદ. જ્યારે અક્ષર પાડતાં શીખ્યો ત્યારે નોટબુકમાં પ્રથમ પાને ‘જય શ્રી સ્વામિનારાયણ’ અને પછી નીચે ‘રે સગપણ હરિવરનું સાચું’ એમ લખેલું. એ જૂની નોટબુક મારી માએ બતાવી ત્યારે પરમ આશ્ચર્ય અનુભવ્યું. કેટલા વહાલા, કેટલી સાચી રીતે બ્રહ્માનંદ મારા નાનકુકડા હૃદયમાં બિરાજ્યા હતા ! વાહ, બ્રહ્માનંદ, વાહ...

કવિશ્રી બ્રહ્માનંદનું પૂર્વાશ્રમનું નામ લાડુદાન હતું. જન્મવર્ષ વિ.સં. ૧૮૨૮ મહા સુદ પાંચમ (વસંતપંચમી). જ્ઞાતિએ ચારણ. પિતાનું નામ શંભુદાન અને માતાનું નામ લાલુબાઈ. વતન રાજસ્થાનમાં આબુ નજીકનું ખાણ ગામ. બાલ્યાવસ્થા દરમ્યાન વિધિસરનું ભાષાકીય શિક્ષણ તેમણે લીધું હોય એવા કોઈ ઉલ્લેખો નથી, પણ પરંપરાગત કાવ્યરચના અને પ્રસ્તુતીકરણનું ભારે કૌશલ્ય તેમણે સહજ રીતે વારસાગત રૂપે પ્રાપ્ત કરેલું. ખુમારી અને ખંતથી કાવ્યપાઠ-કાવ્યસર્જન કરનાર તરીકે લાડુદાને બાલ્યાવસ્થામાં જ કીર્તિ મેળવી લીધેલી. આ કારણે તે સમયના શિરોહીના રાજવીએ ખાસ આર્થિક સુવિધા કરીને ભૂજની ‘રાઓ લખપત વ્રજભાષા-કાવ્યશાળા’માં કવિશિક્ષણ મેળવવા મોકલેલા.

ભૂજની એ કાવ્યશાળામાં સૌથી વધુ સમય સુધી રહીને એમણે કાવ્યશિક્ષણ મેળવેલું. છંદ-અલંકારનું, પિંગળનું એમ માત્ર કાવ્ય શિક્ષણ જ નહીં, પરંતુ વિદુરનીતિ, ચાણક્યનીતિ, અંગદનીતિનો અભ્યાસ કરેલો. ગજવિદ્યા, અશ્વવિદ્યા અને સામુદ્રિક શાસ્ત્રોનો અભ્યાસ પણ કરેલો. ઉપરાંત સિતાર, મૃદંગ અને નરઘાંના વાદનમાં પણ પ્રવીણતા પ્રાપ્ત કરેલી. પછી કાવ્યપાઠનું અધ્યાપનકાર્ય પણ કરાવેલું. ત્યારબાદ અનેક રજવાડામાં કાવ્યકળાનો પરિચય કરાવવા નીકળેલા. અનેક રાજવીઓએ પ્રલોભન પણ આપેલું, પણ લાડુદાન તો મસ્ત અલગારી કવિ. ભાવનગર નજીકના ગઢપુર નિવાસી સહજાનંદ સ્વામીથી દીક્ષિત થયેલા અને પછી શ્રીરંગદાસ એવું સાધુનામ આપ્યું.

માતા-પત્ની અને અન્ય સગાંવહાલાંએ સંસારમાં પુનઃ પધારવા માટે ભારે કાલાંવાલાં અને પ્રલોભનો આપેલાં. પણ એમણે તો ‘રે સગપણ હરિવરનું સાચું’ એમ કહીને જેમાં અવતાર પુરુષનાં દર્શન થયેલાં એ સહજાનંદ સ્વામીને જ એકનિષ્ઠ ભાવે ભજ્યા. એમને ઈશ્વર માન્યા. એમની પ્રતીતિ, અનુભૂતિ-અભિવ્યક્તિ પાંગરતી રહી. એમની પ્રવૃત્તિઓ દ્વારા શ્રીરંગદાસજી નામછાપ કાવ્ય સર્જનમાં, પ્રાસ-ઢાળમાં અને રાગમાં બંધ-બેસતી ન હોવાથી સહજાનંદ સ્વામીએ પુનઃ બક્ષેલું નૂતન નામ બ્રહ્માનંદ. લાડુદાન કે શ્રીરંગદાસ નહીં, પણ ખ્યાત થયું બ્રહ્માનંદ નામ. સહજાનંદ સ્વામી સમીપ રહીને સંપ્રદાયની સાધનાધારાને અને સિદ્ધાંતને એમણે કાવ્યરૂપે પ્રગટ કર્યા. કહો કે સહજાનંદ સ્વામીનું મુખ બન્યા. સહજાનંદ સ્વામીએ બ્રહ્માનંદની વાણી દ્વારા ચિરંજીવ સાહિત્ય પ્રગટાવ્યું.

કાવ્યસર્જન સાથે-સાથે અત્યંત મહત્ત્વનાં અને સંપ્રદાયની ધ્વજા-પતાકાને યશસ્વી રીતે રેલાવતાં શિખરબંધ મંદિરોનું નિર્માણ પણ કર્યું. વડતાલ, જૂનાગઢ અને મૂળીનાં મંદિરો બ્રહ્માનંદ સ્વામીની સ્થાપત્યકલા-સૂઝ, વહીવટી કુનેહ અને સૌંદર્ય દૃષ્ટિના પરિચાયક છે. સંપ્રદાયમાં વિકસેલી ભવ્ય અને દર્શનીય એવી મંદિર પરંપરાના અગ્રજ પણ બ્રહ્માનંદ સ્વામી જ.

સહજાનંદ સ્વામીની બીજી નિર્વાણ તિથિની પૂર્વ સંધ્યાએ વિ.સં. ૧૮૮૮માં તેઓ પણ જીવનલીલા સંકેલીને અક્ષરધામ-વાસી બન્યા. આયુષ્ય તો માત્ર ૬૧ વર્ષનું જ પણ એમણે દિવસે-દિવસનો હિસાબ આપ્યો. તપ, સાહિત્ય સર્જન, મંદિર નિર્માણ, ઉત્સવો અને સંગઠન એમ પંચવિધ પ્રકારની પ્રભાવક પ્રવૃત્તિઓથી ધમધમતું તેમનું ભારે પ્રવૃત્તિમય ઝડપી જીવન એમની આગવી વિરલ વ્યક્તિમત્તાનું ઊજળું ઉદાહરણ છે.

•

સંપ્રદાયના સિદ્ધાંતો, સાધનાધારા અને તત્ત્વદર્શનને સાહિત્યના માધ્યમ દ્વારા સાચવવાની પરંપરા લગભગ તમામ સંપ્રદાયમાં જોવા મળે છે. સ્વામિનારાયણ સંપ્રદાયનું આવું થોડું સાહિત્ય સંસ્કૃતમાં પ્રાપ્ય છે. ‘શિક્ષાપત્રી’ એમાં પ્રમુખ છે. ‘શિક્ષાપત્રી’ અને ‘વચનામૃત’ના કર્તા-ઉદ્‌ગાતા તરીકે સંપ્રદાયના આદ્યસ્થાપક સહજાનંદ સ્વામી છે. સંપ્રદાયનું સાહિત્ય સર્જનાર તો એના આદ્યસ્થાપક જ હોય એ સ્વાભાવિક છે. કારણ, સંપ્રદાયની સંકલ્પના અને સાધનાધારા એમના ચિત્તમાં જ સ્પષ્ટ હોય. આમ, મોટે ભાગે સંપ્રદાયનું આ પ્રકારનું મોટા ભાગનું સાહિત્ય એના સંસ્થાપક દ્વારા જ રચાયેલું હોય, પણ સ્વામિનારાયણ સંપ્રદાયનું આ પ્રકારનું મોટા ભાગનું સાહિત્ય એના આદ્યસ્થાપક સહજાનંદ સ્વામીના પરમ પ્રિય શિષ્ય અને સખાપદ પ્રાપ્ત કરનાર

સદ્ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી દ્વારા (તથા અન્ય સંતો દ્વારા) રચાયેલ છે. આ સંદર્ભને નજર સમક્ષ રાખીને બ્રહ્માનંદના પ્રદાનને મૂલવવાનો ઉપક્રમ રાખ્યો છે.

બ્રહ્માનંદ બહુધા પદકવિ છે. એમને ભાવે છે - ફાવે છે પદ રચના. ગુજરાતીમાં પણ એમનો માતૃભાષા જેટલો જ કાબૂ દેખાય છે. રાજસ્થાનમાં જન્મ્યા-રહ્યા છે. કચ્છમાં કાવ્ય શિક્ષણ મેળવ્યું છે અને સૌરાષ્ટ્રમાં સ્થિર થયા છે. એ રીતે વિવિધ પ્રદેશની ભાષા-બોલીનો એમને પૂરો અનુભવ છે. બ્રહ્માનંદ સ્વામિનારાયણ સંપ્રદાયના એક માત્ર બહુવિધભાષી કવિ છે. એમણે કચ્છી, સિંધી, મેવાડી, રાજસ્થાની, વ્રજ, હિન્દી અને ગુજરાતી તથા તળપદી સોરઠી, સૌરાષ્ટ્રી વાણીમાં અનેક પદ રચનાઓ કરી છે. એમનું આમ અનેક ભાષા-બોલી ઉપરનું પ્રભુત્વ એમની ભાષા-અભિજ્ઞતાનું પરિચાયક છે.

બ્રહ્માનંદ મોટા ગજાના અનુવાદક પણ છે. ભારે સૂઝથી મૂળ સંસ્કૃતમાંથી એમણે અનેક ગ્રંથની રચના કરી છે અને તેઓ માને છે કે સમાજને - સમૂહને - પરિચિત ભાષામાં જ્ઞાન-માહિતી ઉપલબ્ધ કરાવવી જોઈએ. વળી, તેઓ એમ પણ માને છે કે સંસ્કૃત ભાષા મૂળ છે અને એમાંથી ફૂટેલી શાખા-પ્રશાખા કે ફળફૂલસમાન વિવિધ ભાષાઓ છે. મૂળ કદાચ અદશ્ય હોય પણ એનાથી પોષણ મેળવતી ભાષા જ દશ્યમાન હોય, મોહક હોય, ખપમાં લાગતી હોય છે. કેટલુંક અનુવાદ-કાર્ય સહજાનંદ સ્વામીની આજ્ઞાથી એમણે કર્યું છે. કેટલુંક અનુવાદ-કાર્ય સહજ રીતે એમના સર્જનની સાથે વણાઈ ગયું લાગે છે. આપણે ત્યાં ભાલણ મોટો અનુવાદક મનાય છે, પણ બ્રહ્માનંદ સ્વામી એ પરંપરાનું તેજસ્વી અનુસંધાન છે.

બ્રહ્માનંદનું ઘણું બધું સાહિત્ય હિન્દી-વ્રજ ભાષામાં છે. એમણે કચ્છની 'રાઓ લખપત વ્રજભાષા કાવ્યશાળા'માં એક દાયકા સુધી કાવ્યશિક્ષણ મેળવેલું. એમના જેટલા દીર્ઘ સમય સુધી નિવાસ કરીને એમના સમયમાં કોઈએ કાવ્યશિક્ષણ મેળવેલું ન હતું. કચ્છી-ગુજરાતી પણ એમને માતૃભાષા રાજસ્થાની-મારવાડી જેટલી સહજ હતી, પણ આમ છતાં સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામીનું વિપુલ સાહિત્ય વિશેષ રૂપે વ્રજ હિન્દીમાં રચાયું છે.

સામે શ્રોતાવૃંદ ગુજરાતી છે, અનેક સંસ્કૃત ગ્રંથોનાં પણ ગુજરાતી અનુવાદો કર્યા છે. આમ, ગુજરાતી ભાવક - અનુયાયી વર્ગ - એમની સમક્ષ છે, તેમ છતાં વધુ પૃષ્ઠ સંખ્યા-માત્રા વ્રજ-હિન્દી ભાષામાં રચાયેલાં પદોની છે. આમ કેમ બન્યું હશે ? ગુજરાત બહાર સંપ્રદાયના સાહિત્યને પ્રચલિત કરવાનો શુભાશય પણ એની પાછળ કારણભૂત હોઈ શકે.

ગઢપુરમાં સહજાનંદ સ્વામી સાથેનો નિવાસ એમનો આરંભનો સમય છે. સંપ્રદાયની સ્થાપના અને સ્થિરતાનો એ તૂર્તજનો સમયગાળો છે. સહજાનંદ સ્વામીને અનુયાયી વર્ગ સાંપડી રહ્યો છે. સંપ્રદાયનું સૈદ્ધાંતિક સ્વરૂપ અને એની તત્ત્વદર્શનધારાને સમજીને પદ્યમાં ઢાળી શકે એવા સમર્થ અને સશક્ત કવિ તેમને સાંપડ્યા છે. પ્રારંભે શ્રીરંગદાસ નામ છાપથી અને પછી બ્રહ્માનંદ નામછાપથી સંપ્રદાયની વિભાવનાને સમજાવતી ગ્રંથશૃંખલા આ સમયગાળા દરમ્યાન તેમણે ગઢપુરમાં સહજાનંદ સ્વામીના સાંનિધ્યમાં સર્જી છે, એનું બહુ મોટું મૂલ્ય છે. સહજાનંદ સ્વામીની સંકલ્પનાને યથાતથા મૂળરૂપે સમજનારા બ્રહ્માનંદ એ રીતે મને સહજાનંદ સ્વામીનું તેજપ્રાપ્ત સંત વ્યક્તિત્વ જણાયા છે. સહજાનંદ સ્વામીએ એમની પાસે પોતાને કરવાનું કાર્ય કરાવ્યું અને એમને ચિરંજીવ શાશ્વત બનાવ્યા.

સંપ્રદાયની સાધનાધારાના ગ્રંથો હિન્દીમાં-વ્રજમાં રચીને અન્ય ભાષી-પ્રદેશમાં સરળતાથી પ્રસરાવી શકાય. વળી, પ્રાદેશિક ભાષામાં મૂકવા કરતાં આવા સાધનાધારાના ગ્રંથો તો હિન્દીમાં જ હોય એ ઉચિત ગણાય. બ્રહ્માનંદ સ્વામી એ રીતે મને અનન્ય કોટિના કવિ-સંત અને દ્રષ્ટા જણાયા છે.

એમની પાસે વિવિધ ભાષાનું જ્ઞાન હતું. વિષયને બળકટ અભિવ્યક્તિ અર્પવાનું કૌશલ્ય હતું અને સહજાનંદ સ્વામીની સાંપ્રદાયિક સંકલ્પનાને યથાતથા મૂળ સ્વરૂપે સમજવાની અને એ મુજબ પ્રસ્તુત કરવાની વિચક્ષણ શક્તિ હતી. હિન્દુ તત્ત્વદર્શનના મૂળ હાર્દની સ્પષ્ટ રીતની સમજણ હતી. આવાં બધાં કારણે સાહિત્ય સર્જવાનું બહુ મોટું કાર્ય એમણે ખૂબ જ સારી અને સાચી રીતે પાર પાડ્યું જણાય છે. આમ, સહજાનંદ સ્વામીના પ્રત્યક્ષ સાંનિધ્યમાં પ્રારંભે જ રહેવાનું અને સાહિત્ય સર્જવાનું એમને પ્રાપ્ત થયું. સહજાનંદ સ્વામીની નિત્ય સંગત તેમને એમની પંગતમાં બેસાડવા માટેનું પરિબળ જણાય છે. સાથે સાથે પ્રસંગાનુસાર પદસર્જન પણ ચાલતું રહ્યું છે, પણ પ્રારંભનો એ ગાળો બહુ મોટો છે - મહત્ત્વનો છે. સંપ્રદાયના સાહિત્યના શિખર સમાન ગ્રંથોનું સર્જન કર્યા પછી સહજાનંદ સ્વામીએ એમને સંપ્રદાયની કીર્તિ ધ્વજા-પતાકાનો પરિચય કરાવતાં શિખરબદ્ધ મંદિર નિર્માણના કાર્યમાં મૂક્યા. એમણે કરેલાં મંદિરનિર્માણ આજે પણ સંપ્રદાયની કીર્તિપતાકા સંપ્રદાયમાં અને સંપ્રદાય બહાર પણ પ્રસરાવી રહ્યાં છે. એમનું સાહિત્ય સર્જન મને ચતુર્વિધ પ્રકારનું જણાય છે : (૧) ચરિત્રમૂલક સાહિત્ય (બાયોગ્રાફિકલ લિટરેચર) (૨) સિદ્ધાંતમૂલક સાહિત્ય (થિયોરોટિકલ લિટરેચર) (૩) તત્ત્વદર્શનમૂલક સાહિત્ય (ફિલોસોફિકલ લિટરેચર) અને (૪) ઊર્મિમૂલક સાહિત્ય (લિરિકલ લિટરેચર). એમનાં વિપુલ માત્રાનાં સાહિત્ય સર્જનને. આમ, ચાર પ્રકારમાં વિભાજિત કરીને ટૂંકો પરિચય આપવાનો અત્રે ઉપક્રમ છે.

## ■ ચરિત્રમૂલક સાહિત્ય(બાયોગ્રાફિકલ લિટરેચર) :

બ્રહ્માનંદ સ્વામીએ સ્વામી સહજાનંદના ઉદાત્ત ચરિત્રને વિષયસામગ્રી બનાવીને બે કૃતિઓ રચી છે. એમાંથી એમની ચરિત્ર મૂલક સાહિત્ય સર્જનશક્તિનો પરિચય મળી રહે છે.

### ૧. 'સુમતિપ્રકાશ' :

સહજાનંદ સ્વામીનું અવતાર સ્વરૂપ, કાર્ય તથા જીવન પ્રસંગોને અત્રે સમાવિષ્ટ કર્યાં છે. શ્રીહરિ અવતારનું પ્રયોજન, શ્રીહરિનું માહાત્મ્યયુક્ત હરિચરિત્ર, આલેખન અત્યંત હૃદયસ્પર્શી છે. અહીં સંપ્રદાયની આચારસંહિતા અને સાધનાધારાને પણ સ્થાન મળ્યું છે. નર-નારાયણ આશ્રમ સ્થાન બદરિકાશ્રમથી આરંભાતી આ રચના અત્યંત મહત્ત્વની છે. સમગ્ર રચના ૨૦ વિશ્રામમાં વિભાજિત થાય છે. એની અભિવ્યક્તિનું સ્વરૂપ પણ અર્થપૂર્ણ છે.

*'વ્યાસે કહીએ વિભારસે, ગણી અરથ ગિરવાન,*
*તાહિ સુગમ કરિ કરત હું, જગ હિત ભાષા જાન.'*

સંસ્કૃત અનુપ્રાણિત ગ્રંથ છે. કેટલુંક ઉમેરણ કરીને મૂળ વ્યાસના મહાભારત અંતર્ગત નર-નારાયણ કથાનકની આસપાસ જ સમગ્ર રચના ગૂંથાઈ

છે.

*'સચરાચર પુરન સભર, અક્ષર પર અવિનાશ,*
*મમ ઉર જડતા મેટકે, કિનો સુમતિ પ્રકાશ.'*

(અક્ષરથી પર પુરુષોત્તમ અવિનાશીએ મારા હૃદયનું તમસ ટાળીને બુદ્ધિમાં પ્રકાશ કર્યો છે.) અંતરમાં અજવાળાં પથરાય, જીવનમાં અંધકારને બદલે સુમતિનો-સદ્‌બુદ્ધિનો પ્રકાશ પાથરનાર આ ગ્રંથ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન અંત-ર્ગત ચારણી સાહિત્ય હસ્તપ્રત ભંડારમાં રહેલી હસ્તપ્રતમાં અંતિમ પંક્તિનો પાઠ મને પ્રાપ્ત થયો છે, તે મુદ્રિત વાચનાથી થોડો જુદો છે. અન્ય કેટલાંક સ્થાને પણ મહત્ત્વના પાઠભેદ પ્રાપ્ત થાય છે.

*'સંવત અષ્ટાદશસહી વરસ સત્તોતેર જાણ*
*માઘસુદ પંચમી વાર બુધ, પુરણ ગ્રંથ પ્રમાણ*
*ખાચર ઉનડ કે ગૃહે, ગઢડે શ્રી ગુરુ પાસ તહી*
*રહી બ્રહ્માનંદ કવિ, કિનો સુમતિપ્રકાશ...'*

મુદ્રિત પાઠમાં વાચના છે તે આ મુજબ છે :

*'સંવત અષ્ટાદશસહી વરસ અઠોત્તેર જાન...*
*માઘસુદ પંચમી વાર બુધ, પરિણ ગ્રંથ પ્રમાણ... ૧*
*શ્રીનગર શુભ શહરમેં, નરનારાયણ પાસ...*
*તહી રહી બ્રહ્માનંદ કવિ, કિનો સુમતિપ્રકાશ...૨'*

કોઈ અભ્યાસીએ ઊંડાણથી પાઠભેદની સાંસ્કૃતિક-સાંપ્રદાયિક ચર્ચા કરીને તર્કપૂર્ણ રીતે પાઠ મેળવીને, કૃતિનો અભ્યાસ કરીને નવેસરથી સંપાદન કરવું જોઈએ.

### ૨. 'ધર્મવંશ પ્રકાશ' :

કુલ આઠ અધ્યાયમાં વિભાજિત ગોલોકધામથી તે અક્ષરધામ સુધીનું વર્ણન 'ધર્મવંશ પ્રકાશ'માં છે. ધર્મભક્તિ માતા-પિતાની વિગતો, સહજાનંદ સ્વામીનું ચરિત્ર, દીક્ષા, મૂર્તિપ્રતિષ્ઠા, પ્રવાસભ્રમણ કથા વગેરે અહીં બ્રહ્માનંદે આલેખ્યાં છે. એ રીતે સહજાનંદ ચરિત્ર - ગુણસંકીર્તન - ગુણાનુવાદ અહીં કેન્દ્રમાં છે. બ્રહ્માનંદની સહજાનંદ-ભક્તિનું સુંદર ઉદાહરણ પ્રસ્તુત છે.

આ બંને ચરિત્રમૂલક કૃતિઓ મધ્યકાલીન સમયના એક સંપ્રદાય સ્થાપકની વ્યાપક વ્યક્તિમત્તાનો સાક્ષાત્કાર કરાવતી હોઈ એનું ઘણું મહત્ત્વ છે.

## ■ સિદ્ધાંતમૂલક સાહિત્ય(થિયોરોટિકલ લિટરેચર) :

સંપ્રદાયના સિદ્ધાંતોને વિષયસામગ્રી બનાવીને બ્રહ્માનંદ સ્વામીએ જે કેટલુંક સાહિત્ય સર્જન કર્યું છે તે કર્તાની વિવિધ વિષયને આલેખવાની શક્તિની પરિચાયક છે.

### ૩. 'સતીગીતા' :

સહજાનંદ સ્વામીએ સંસ્કૃતમાં સતી સ્ત્રીનાં લક્ષણો તારવી આપ્યાં. એને આધારે બ્રહ્માનંદે 'સતીગીતા'નું સર્જન કર્યું છે. મુક્તાનંદ કૃત 'સતીગીતા' પણ પરંપરામાં પ્રચલિત છે. આચારશુદ્ધિ અને વ્યક્તિના ચારિત્ર્ય ઉપર વિશેષભાર સ્વામિનારાયણ સંપ્રદાયમાં વિશેષરૂપે દૃષ્ટિગોચર થાય છે.

'સતીગીતા' કુલ છ અધ્યાયોમાં વિભાજિત છે. વચ્ચે વચ્ચે છંદ, હરિગીત, દુહા, ચોપાઈ, પદબંધમાં વિષયને અભિવ્યક્ત કરેલ છે. કુમારિકા, પત્ની, વિધવા આદિ અવસ્થામાં સદાચારી બનવાનું અહીં સૂચવાયું છે. રાજા રામમોહનરાય પૂર્વે ખૂબ જ સાવધાનીપૂર્વક બ્રહ્માનંદ દ્વારા અત્રે સતી સ્ત્રી એટલે પતિ પાછળ મૃત્યુ પામતી - બળી મરતી સ્ત્રી નહીં, પણ સદાચારી બનીને જીવન વ્યતીત કરે એ પ્રકારની મહત્તા આંકીને સતીત્વ જાળવવાની - આચારશુદ્ધિના મહિમાની વિગતો કેન્દ્રમાં રાખી - એ એનું ઐતિહાસિક મૂલ્ય છે. કૃતિની ભાષા વ્રજ-હિન્દી છે.

આ 'સતીગીતા'માં કુલ ૪૧ પદો છે. વિવિધ રાગ, ઢાળમાં આ પદો છે. કેટલાંક પદો ધોળ, ગરબીના ઢાળમાં પણ છે. વિષયાનુસારે પદક્રમ નવેસરથી અપાયો છે. સળંગ પદ ક્રમાંક નથી, પણ કુલ પદો ૪૧ છે.

### ૪. 'શિક્ષાપત્રી' (ગુજરાતી) :

*'શુભ સંવત અઢારે માઈ, વર્ષ બ્યાસી રે,*
*રુડી મહાસુદ પંચમી દિન, આ પત્રી પ્રકાશી રે...૧*
*લખી પત્રી પરમ સિદ્ધાંત, સહજાનંદ સ્વામી રે,*
*કહ્યા સૌના ધર્મ સિદ્ધાંત, રાખી નહીં ખામી રે...૨*
*પત્રી ગૂઢ અર્થ ગિરવાણ, પોતે કીધી રે,*
*તેને પ્રાકૃત કરવા કાજે, આજ્ઞા મુને દીધી રે...૩*
*સૌને સંસ્કૃત કેરી રીત, નથી સમજાતી રે,*
*માટે પદ બાંધ્યા કરી, પ્રેમ ભાષા ગુજરાતી રે...૪'*

સહજાનંદ સ્વામી કૃત સંસ્કૃત શિક્ષાપત્રીનું ગુજરાતીકરણરૂપ આપણને સૌપ્રથમ બ્રહ્માનંદ દ્વારા મળે છે, એ બાબત પણ અભ્યાસીઓની નજર સમક્ષ રહેવી જોઈએ.

### ૫. શિક્ષાપત્રી (હિન્દી) :

શિક્ષાપત્રીને અંગે બ્રહ્માનંદે એનો ઉદેશ ગુજરાતીમાં જણાવ્યો પણ છે. બ્રહ્માનંદે હિન્દીમાં પણ શિક્ષાપત્રીની રચના સર્જી છે. દોહા, ચોપાઈ, સોરઠામાં એને હિન્દી વ્રજની છાટવાળી ભાષામાં કૃતિને ઢાળી છે. બંનેનો રચના સમય એક જ છે. અહીં કુલ ૨૮૭ કડી છે. સળંગ કડી ક્રમ છે. વચ્ચે વચ્ચે દોહા-સોરઠા અને ચોપાઈના ઢાળ બદલાય છે.

*'સહજાનંદ ગુરુ એહ વિધિ, પત્રી રચી નવીન,*
*બ્રહ્માનંદ ગિરવાન પર, સુલભ ભાષા કીન.'*

બ્રહ્માનંદની બે શિક્ષાપત્રીઓ ઉપરાંત સંપ્રદાયમાં નિષ્કુળાનંદ અને પ્રેમસખી પ્રેમાનંદકૃત શિક્ષાપત્રી પણ પ્રચલિત છે. કોઈ અભ્યાસીએ અભિવ્યક્તિ સંદર્ભે આ બધી શિક્ષાપત્રીઓનું તુલનાત્મક અધ્યયન કરવું જોઈએ.

### ૬. 'સંપ્રદાય પ્રદીપ' :

કુલ ૧૮ અધ્યાયની પ્રસ્તુત કૃતિમાં સ્વામિનારાયણ ભગવાનની પરબ્રહ્મ સાથેની પરંપરાના અનુસંધાનની વિગતો કેન્દ્રસ્થાને છે. ભાગવતધર્મની પરંપરાના સંદર્ભે જ અહીં આલેખન છે. કથનાત્મક રીતે વિગતોને ક્રમશઃ આલેખતો આ ગ્રંથ સંપ્રદાયની સિદ્ધાંત વિભાવનાને સમજાવે છે. અહીં ઉદ્ધવ, રામાનુજ, રામાનંદ સ્વામી તેમજ એમના ગુરુ આત્માનંદજીના વૃત્તાંતને પણ આવરી લેવાયેલ છે. એ ઉપરાંત સંપ્રદાયની ઉપાસના પદ્ધતિ પણ આલેખાઈ છે. કૃતિની ભાષા વ્રજ-હિન્દી છે.

### ૭. 'વર્તમાન વિવેક' :

પંચ વર્તમાનનો મહિમા રજૂ કરતું આ કાવ્ય દોહાબંધમાં છે. આ કાવ્ય રચનાનું સર્જન બ્રહ્માનંદે ગઢડામાં રહીને કર્યું જણાય છે. ધર્મ-સંપ્રદાયના સિદ્ધાંતોને અહીં સરળ રીતે રસવંતી શૈલીમાં વણી લેવાયા છે.

### ૮. 'ગોલોક દર્શન' :

આ ગ્રંથમાં ગોલોક અને અક્ષરધામનું અનુભૂતિમૂલક આલેખન દૃષ્ટિગોચર થાય છે. કૃષ્ણલીલાસ્થાન - વૃંદાવનધામનું પણ અત્રે આલેખન છે. દોહા, હરિગીત અને ત્રોટક જેવા છંદમાં બ્રહ્માનંદની વર્ણન છટાનો સુંદર પરિચય આ રચના દ્વારા થાય છે.

### ૯. 'ધર્મસિદ્ધાંત' :

આ રચના કુલ ૨૦ અધ્યાયમાં વિભાજિત છે. કૃતિની ભાષા હિન્દી-વ્રજ-ડિંગળ છે. બ્રહ્મરત્ન પ્રાપ્તિ, બ્રહ્મપુર વર્ણન, ધર્મસિદ્ધાંતોનું નિરૂપણ અહીં કેન્દ્ર સ્થાને છે. આ રચના પણ બ્રહ્માનંદની એક મહત્ત્વની રચના છે. વચનામૃતની કેટલીક વિષયસામગ્રી પણ અહીં સમાવિષ્ટ થયેલી છે.

### ૧૦. 'ધર્મકુળધ્યાન' :

આ રચના હકીકતે તો સ્વામિનારાયણ સંપ્રદાયની દીક્ષા-વિધિની વિગતોને આલેખતું ૪૧ કડીનું દોહા, ચોપાઈ બંધનું દીર્ઘ-કાવ્ય છે. અહીં સંપ્રદાયનાં વિધિ-વિધાનની વિગતો પ્રાપ્ત થાય છે.

મધ્યકાલીન ગુજરાતીમાં સિદ્ધાંત ધારા જેવી તથ્યમૂલક વિગતોને પદ્યમાં ઢાળીને કાવ્યસ્વરૂપે પ્રસ્તુત કરવાની જે પરંપરા છે એનું ઉજ્જવળ ઉદાહરણ આ રચનાઓ જણાય છે.

## ■ તત્ત્વદર્શનમૂલક સાહિત્ય (ફિલોસોફિકલ લિટરેચર) :

બ્રહ્માનંદે ચરિત્ર કે સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખીને જેમ સાહિત્ય સર્જ્યું છે, તેમ તત્ત્વદર્શનને વિષય બનાવીને પણ કેટલીક રચનાઓનું સર્જન કર્યું છે.

### ૧૧. 'ઉપદેશ ચિંતામણિ' :

૪૭ ચંદ્રાવળા છંદમાં રચાયેલો આ લઘુગ્રંથ એક રીતે સળંગબંધનું દીર્ઘકાવ્ય છે. બ્રહ્માનંદે ભાગવતી દીક્ષા લીધી ત્યારે લાડુદાનમાંથી તેમનું નામ શ્રીરંગદાસજી રખાયેલું. એ નામછાપથી અનુયાયીઓને ચિંતામણિ મણિસમાન ઉપદેશ આ કાવ્યનો મૂળ હેતુ જણાય છે. માયાનો મોહ છોડીને જીવનની ક્ષણભંગુરતાનો ઉપદેશ આપતા શ્રીરંગદાસજી (બ્રહ્માનંદ) અહીં તત્ત્વદર્શન નિરૂપણમાં ભારે ખીલ્યા છે.

### ૧૨. 'વિવેક ચિંતામણિ' :

બ્રહ્માનંદના આરંભકાલીન શ્રીરંગદાસ નામછાપ ધરાવતી આ રચના પણ સંપ્રદાયના તત્ત્વદર્શનરૂપે ઉપદેશતત્ત્વને અભિવ્યક્ત કરે છે. તત્કાલીન દંભી સાધુઓ પરત્વે અખાની શૈલીમાં કટાક્ષ કરીને લોકોને-ભક્તોને એના ભ્રમમાંથી બહાર રાખવા મથતા શ્રીરંગદાસે કુલ છ અંગો જેવાં કે અસંત અંગ, સાધુ અંગ, ફકીર અંગ વગેરે રચ્યાં છે. ચંદ્રાવળા, છપ્પય જેવા છંદબંધમાં અભિવ્યક્ત આ કૃતિ સામાજિક બોધને કેન્દ્રમાં રાખીને રચાયેલી જણાય છે.

### ૧૩. 'બ્રહ્મવિલાસ' :

કુલ ૨૦ અંગમાં વિભાજિત વિવિધ વિષયોને આવરી લઈને સવૈયામાં રચાયેલી આ કૃતિ ઉપદેશાત્મક છે. બધા મળીને કુલ ૩૮૦ સવૈયા છે. ગ્રંથની ભાષા વ્રજ-ડિંગળ-મિશ્ર હિન્દી છે. ગુરુદેવકો અંગ, વિશ્વાસ, તૃષ્ણા-વચન-વિવેક જેવાં તત્ત્વદર્શન-મૂલક ૨૦ અંગમાં ઉપદેશ-તત્ત્વદર્શન વિચાર સમાવિષ્ટ છે. ગઢપુરમાં સહજાનંદ સ્વામી સમક્ષ રચાયેલી આ રચનાનું સંપ્રદાયમાં વિશિષ્ટ સ્થાન છે. ઉપદેશની અભિવ્યક્તિ માટે પ્રયોજાયેલી ભાષા સરળ અને બોધાત્મક, રસળતી, લયાન્વિત પદાવલિ આ રચનાને લોકપ્રિય બનાવનારું તત્ત્વ જણાય છે.

### ૧૪. 'ઝૂલણા જ્ઞાનઉપદેશ' :

ઝૂલણાં છંદની ૫૦ કડીઓ અને ત્રણ વિભાગમાં વિભાજિત અને તત્ત્વદર્શનાત્મક જ્ઞાન ઉપદેશને કથતી બ્રહ્માનંદની મહત્ત્વની રચના છે. પ્રથમ ઉપદેશ અંગનાં ૩૦ ઝૂલણાંમાં માયામાં લપેટાયેલા જીવને જે કંઈ ત્રાસ પ્રાપ્ત થાય છે એનું આલેખન છે. પછીના અસાધુ અંગમાં ૩૧ થી ૪૨ ઝૂલણાં

છે અને ત્રીજા સંતના અંગમાં ૪૩ થી ૫૦ ઝૂલણાં છે. અહીં ૪૯મા ઝૂલણાંમાં બ્રહ્માનંદે આત્મલક્ષી પરિચય મૂક્યો હોઈને આ રચનાનું મૂલ્ય વધી જાય છે.

*'જ્ઞાતિ ચારણ ઓડક યાસિયુકી, આબુ છાંય ભયો ખાણ ગામમેંજી,*
*તાકે નામ શંભુદાન તાત હુકો, માત લાલુબાઈ ધર્યો ડાળમેંજી,*
*લાડુ મેટકે શ્રીરંગ નામ ધર્યો, દોઉ લીન બ્રહ્માનંદ નામમેંજી,*
*ચિત્ત ધાર સહજાનંદ શામ, છબી જગ જીત ગયો નિજ ધામમેંજી.'*

**૧૫. 'ઉપદેશરત્નદીપક' :**

જૂનાગઢના નવાબ હામીદખાનથી પુરસ્કૃત લાડુદાને પૂર્વાશ્રમમાં નવાબના કુંવર બહાદુરખાનને કાવ્યશિક્ષણ આપેલું. પછી બાવીસ વર્ષ બાદ મંદિર નિર્માણકાર્ય અંગે પુનઃ જૂનાગઢ આવ્યા ત્યારે સ્વસુખ માટે નહીં પણ સંપ્રદાય માટે સહાયભૂત થવાનું કહેતા બ્રહ્માનંદે ભુજંગી છંદની ચાલીસ કડીમાં જે કાવ્ય રચ્યું તે આ 'ઉપદેશરત્નદીપક'. અહીં જીવન દરમ્યાન સુકૃત્ય કર્યાં હોય તો એનું ફળ મળશે અને એ જ અમરત્વ અપાવશે એમ બ્રહ્માનંદે તારસ્વરે ગાયું છે. એક મુસ્લિમ રાજવીને ઉપદેશ-ઉદ્‌બોધનરૂપે 'ઉપદેશરત્નદીપક' નામનું ભારતીય તત્ત્વદર્શનાત્મક કાવ્ય સંભળાવ્યું અને એનું પરિણામ પણ પ્રાપ્ત થયું. મંદિર નિર્માણ માટે મુસ્લિમ રાજવી અનુકૂળ થયા.

**૧૬. 'નીતિપ્રકાશ' :**

અહીં કુલ આઠ અધ્યાયમાં વિદુરનાં નીતિવચનોને પોતાની રીતે હિન્દી-વ્રજ ભાષામાં અભિવ્યક્તિ અર્પી છે. આ ગ્રંથ પણ સંપ્રદાયની દૃષ્ટિએ ઘણો જ મહત્ત્વનો છે. સામાજિક-રાજકીય અને ધાર્મિક રીતે નીતિવાદનું તત્ત્વદર્શનાત્મક ચિત્ર રજૂ કરતો હોવાને કારણે એ સમયમાં અને પછી આ ગ્રંથ ખૂબ જ વખણાતો રહ્યો છે.

**૧૭. 'નારાયણ ગીતા' :**

આ ગ્રંથમાં કેન્દ્રસ્થાને વિષ્ણુ-નારાયણે પ્રબોધેલ ગીતાતત્ત્વનો ભાવાનુવાદ છે. ગુરુમહિમા પણ અત્રે સમાવિષ્ટ છે. એ રીતે ભારતીય તત્ત્વદર્શનનાં ઘટકોને કેન્દ્રમાં રાખીને રચાયેલી આ રચના પણ બ્રહ્માનંદની મહત્ત્વની અનુસર્જનાત્મક પ્રકારની ગણી શકાય એવી રચના છે.

**૧૮. 'દશાવતાર ચરિત્ર' :**

'અવતાર ચિંતામણિ' જેવા અપરનામથી સુખ્યાત આ રચના વિવિધ અવતારનું આલેખન કરીને અંતે સહજાનંદ સ્વામી આ જ બધા અવતારોના અનુસંધાનરૂપ (કારણરૂપ) પ્રગટ પૂર્ણબ્રહ્મ પુરુષોત્તમ છે એવું આલેખન કરતી બ્રહ્માનંદની મહત્ત્વની રચના છે. ભારતીય તત્ત્વદર્શન પરંપરામાં અવતાર અને એના રહસ્યની વિગતોને પણ એમણે અત્રે વણી લીધી છે.

મધ્યકાલીન ગુજરાતી તત્ત્વદર્શનમૂલક સાહિત્ય પરંપરામાં બ્રહ્માનંદની આ રચનાઓ પણ ભાવ, ભાષા અને અભિવ્યક્તિના સ્વરૂપ સંદર્ભે તપાસવા જેવી છે.

## ■ ઊર્મિમૂલક સાહિત્ય (લિરિકલ લિટરેચર) :

બ્રહ્માનંદે જ્ઞાનમાર્ગની સાથોસાથ પ્રેમભક્તિમાર્ગનું સાહિત્ય પણ વિપુલ માત્રામાં સર્જ્યું છે. એમાંથી દ્રવે છે ભાવસંવેદનાનાં સુમધુર જલબિંદુઓ. એ પદો મધ્યકાલીન ગુજરાતી પરંપરાની સમૃદ્ધિ છે.

**૧૯. 'છંદરત્નાવલિ' :**

વિવિધ પ્રકારના છંદોબંધમાં કૃષ્ણ, રાધા, હરિ આદિને કેન્દ્રમાં રાખીને રચાયેલાં અષ્ટકો કે કાવ્યકલાના વિવિધ તરીકાઓ યુક્ત રચનાઓના ગુચ્છને 'છંદરત્નાવલિ' અંતર્ગત મુદ્રિત કરેલ છે. પદમાળા પ્રકારની આ બધી રચનાઓ બ્રહ્માનંદની યમક, પ્રાસ, અનુપ્રાસ કલાશક્તિ આદિની પરિચાયક છે. અવતારી દેવનાં વર્ણન દ્વારા અવનવા ભાવનું નિર્માણ કરીને ઊર્મિના ઓઘ ઉછાળ્યા છે. બ્રહ્માનંદ સ્વામીના ઊર્મિભાવ આલેખનની શક્તિનો સુંદર પરિચય અહીં થાય છે.

**૨૦. 'પદસંગ્રહ' :**

બ્રહ્માનંદે વ્રજ, હિન્દી, રાજસ્થાની, ગુજરાતી, કચ્છી એમ વિવિધ ભાષામાં વિપુલ માત્રામાં પદોની રચના કરી છે. એ બધા બ્રહ્માનંદ કૃત પદસંગ્રહોનાં સંપાદનો પણ પ્રકાશિત થયાં છે. બ્રહ્માનંદનાં પ્રાપ્ત પદોની સંખ્યા પાંચ હજાર જેટલી થવા જાય છે. એમાં ઊર્મિભાવનું આલેખન કરીને બ્રહ્માનંદે એમની કવિ પ્રતિભાનો ખરો પરિચય કરાવ્યો છે. બ્રહ્માનંદનું ઊર્મિમૂલક સાહિત્ય એની સાહિત્યકાર તરીકેની પ્રતિભાનું દ્યોતક છે.

બ્રહ્માનંદનું સાહિત્ય વિષયસામગ્રી અને અભિવ્યક્તિના સ્વરૂપની દૃષ્ટિએ ખરા અર્થમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પરંપરામાં મહત્ત્વના સ્થાન-માનનું અધિકારી છે. વિષયને રસળતી શૈલીમાં લયાન્વિત રૂપ પ્રાપ્ત કરવાની એમની શક્તિનો અનુભવ એમના પ્રત્યેક ગ્રંથમાં થાય છે. અવનવા છંદો ઊચિત રીતે પ્રયોજીને વિષયને બળકટ અભિવ્યક્તિ અર્પે છે અને હૃદયસ્પર્શી પણ બનાવે છે. તેમનું તત્ત્વદર્શનનું ઊંડું જ્ઞાન, છંદ ઉપરનું પ્રભુત્વ અને સમાજ ચિત્તને અસરકારક રીતે પ્રબોધવાની આવડત શક્તિ મધ્યકાલીન કવિતા પરંપરાની એક મહત્ત્વપૂર્ણ ઘટના છે.

દયારામના પુરોગામી અને વૈષ્ણવધારાથી પૂરા અભિજ્ઞ કૃષ્ણભક્તિની અને તત્ત્વદર્શન તથા બોધ ઉપદેશાત્મક ભાવની કવિતાના કવિ તરીકે બ્રહ્માનંદનો વિગતે બહુ ઓછો અભ્યાસ થયો છે. અહીં તો માત્ર નિષ્કર્ષરૂપ વિધાનો જ કર્યાં છે. ક્યારેક નિરાંતે બ્રહ્માનંદનું સ્વાધ્યાય પ્રસ્તુત કરવાની ઈચ્છા છે, પણ એ પહેલા કોઈ અભ્યાસી સ્વાધ્યાય પ્રસ્તુત કરશે તો પરમ આનંદ થશે. સમગ્ર બ્રહ્માનંદ સાહિત્ય આકર્ષક છટાથી મૂળી મંદિરમાં રજૂ થતું સાંભળ્યું છે. બ્રહ્માનંદે સ્વયં જ્યારે અપૂર્વ છટાથી પોતાના સાહિત્યને પોતે નિર્માણ કરેલા ઊંચી પગથીના ભારે ઊંચાઈવાળા મૂળી મંદિરમાં પ્રસ્તુત કર્યું હશે ત્યારે કેવું વાતાવરણ રચાયું હશે એની કલ્પના મંદિરમાંની ભવ્ય હવેલીમાં ઊભા રહીને અવશ્ય કરી શકાય. ક્યારેક મૂળી જજો, એકાદશીની સત્સંગ સભામાં ભાવથી ઉપસ્થિત થઈને બ્રહ્માનંદ પદગાનનું શ્રવણપાન કરજો. બ્રહ્માનંદની ખરી કવિ પ્રતિભા અને પ્રતિમાનું દર્શન થશે.

(પૂર્વમુદ્રિત સામગ્રીમાંથી સાભાર) ◆